<u>ખાસ અગત્યનું</u>

**FILE NO : COS/MIS/e-file/276/2025/0991/SECONDARY**

કમિશનર શાળાઓની કચેરી,
બીજો માળ, વિદ્યા સમીક્ષા કેન્દ્ર,
સેક્ટર ૧૯, ગાંધીનગર.

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકરીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, તમામ.

**વિષય :** જૂની પેન્શન યોજના માટેની પાત્રતા ધરાવતાં અધિકારી/કર્મચારીઓને નિયત સમયર્યાદામાં વિકલ્પ આપવા અંગેની સૂચના આપવા બાબત...

**સંદર્ભ :** ૧) નાણાં વિભાગ, ગાંધીનગરનો ઠરાવ ક્રમાંક : નવપ/૧૦/૨૦૨૦/ઓ-૬૪૦/પી, તા.૦૮/૧૧/૨૦૨૪

૨) નાણાં વિભાગ, ગાંધીનગરનો ઠરાવ ક્રમાંક : નવપ/૧૦/૨૦૨૦/ઓ-૬૪૦/પી, તા.૧૬/૦૪/૨૦૨૫

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, સરકારશ્રીનાં નાણાં વિભાગ, ગાંધીનગરનાં સંદર્ભ-(૨) દર્શિત તા.૧૬/૦૪/૨૦૨૫ના ઠરાવનાં પેરા-૨ માં જણાવેલ છે કે, "તા.૦૮/૧૧/૨૦૨૪ના ઠરાવનો લાભ મેળવવા માંગતા તેમજ પાત્રતા ધરાવતા અધિકારી/કર્મચારીઓએ તેઓની હાલની કચેરી ખાતે ઠરાવ પ્રસિધ્ધ થયા તારીખથી ૦૩ (ત્રણ) માસમાં વિકલ્પ આપવાનો રહેશે અન્યથા તેઓને નવી વર્ધિત પેન્શન યોજનામાં ચાલુ રાખવામાં આવશે. અધિકારી/કર્મચારી એક વખત આપેલ વિકલ્પને આખરી ગણવાનો રહેશે. ઉકત વિકલ્પની સેવાપોથીમાં અવશ્ય નોંધ કરવાની રહેશે. (Form-A અનુસાર)"

જેથી સદરહું બાબતે આપની કક્ષાએથી આપના તાબા હેઠળની તમામ બિન સરકારી અનુદાનિત શાળાઓનાં પાત્રતા ધરાવતા કર્મચારીઓ તથા કર્મચારીના અવસાનના કિસ્સામાં કર્મચારીનાં કાયદેસરનાં વારસદારોને નિયત સમયમર્યાદામાં વિકલ્પ અંગેની કાર્યવાહી કરવા બાબતે જરૂરી સૂચનાઓ આપવા આથી જણાવવામાં આવે છે. જેથી ભવિષ્યમાં નિયત સમયમર્યાદા બહાર વિકલ્પ આપવા અંગે કોઈ પ્રશ્ન ઉપસ્થિત ન થાય. જે ધ્યાને લેશો.

નાયબ શિક્ષણ નિયામક
માધ્યમિક
ગુ.રા.ગાંધીનગર

Signature Not Verified
Signed by:Jayeshbhai Mohanbhai Patel
Deputy Director
Date: 2025.06.20 17:42:20 +05:30

File No: COS/MIS/e-file/276/2025/0991/SECONDARY
Approved By: Deputy Director,SECONDARY,COS

*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*